


**સુવિચાર : બે બાબતોથી હંમેશા ડરો.. એક તો પરમેશ્વર અને બીજું કે જે વ્યક્તિ ને પરમેશ્વરનો ડર નથી તેનાથી - યહૂદી કહેવત**

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૬૫ ૧૫ મે, ૨૦૧૫, શુક્રવાર ; વૈશાખ વદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મેટ્રો રેલ પ્રોજેક્ટ કૌભાંડમાં સંજય ગુપ્તાની ધરપકડ

## કરોડોનુ બિલીંગ થઈ ગયુ હતુ પરંતુ માલસામાન સ્થળ પરથી મળી આવ્યો ન હતો : સીઆઈડી ક્રાઈમે કરી ધરપકડ



ગાંધીનગર, તા. ૧૪

સરકારના અતિ મહત્વના મેટ્રો રેલ પ્રોજેક્ટમાં કરોડો રૂપિયાનું કૌભાંડ થયા બાદ પોલીસ ફરીયાદ નોંધાવા પામી હતી. સમગ્ર કેસની તપાસ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરે શરૂ કરી હતી. તપાસમાં મેટ્રો રેલ પ્રોજેક્ટના તત્કાલીન ચેરમેન પૂર્વ આઈએએસ સંજય ગુપ્તાનું નામ ખુલતા આજે તેની ધરપકડ કરવામાં આવી છે. અન્ય આરોપીઓની તપાસમાં નામ ખુલ્યા બાદ ધરપકડ થવાની સંભાવના છે.

મેટ્રો રેલ પ્રોજેક્ટ શરૂ કરાયો ત્યાર બાદ તે માટે ભાટ નજીક અર્થ ફીલીંગ વર્ક શરૂ કરવાનું કરી કરોડો રૂપિયાનું બિલીંગ કરવામાં આવ્યું હતું અને સ્ટીલનો જથ્થો લવાયો હોવાનું કાગળ પર બતાવી કરોડો રૂપિયા કોન્ટ્રાક્ટરોને ચુકવી દઈને અંદાજે રૂ. ૧૧૩ કરોડનું કૌભાંડ મેટ્રો રેલ શરૂ થાય તે પહેલા જ આચરી દેવામાં આવ્યું હોવાનું બહાર આવતા પોલીસ ફરીયાદ નોંધાવા પામી હતી.

સીઆઈડી ક્રાઈમના ડીવાયએસપી શક્તિસિંહ પરમારે આ કૌભાંડની તપાસ શરૂ કરીને ૭ પૂર્વ મેનેજર સામે ગુનો દાખલ કર્યો હતો. તે ઉપરાંત તપાસમાં ચેરમેન સંજય ગુપ્તાનું કૌભાંડમાં નામ ખુલતા આજે તેની ધરપકડ કરવામાં આવી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

અથાણાની મોસમ - આજકાલ દરેક ગુજરાતીના ઘરે કાચી કેરીની સુગંધ આવતી હોય છે... અથાણાની મોસમ પૂરબહારમાં ખીલી છે... ગુજરાતી પરિવારોમાં કાચી કેરીના વિવિધ પ્રકારના અથાણા બનાવવાના દિવસોમાં મોટા પ્રમાણમાં અથાણાની કેરી બજારમાં ઠલવાઈ છે...

# ગંદકી ફેલાવનાર પાસેથી દંડ વસુલાયો

## ટ્રેક્ટર-ટ્રોલી, હેન્ડ સ્વીપર મશીન, રોડ સ્વીપર મશીન, જેસીબી સહિતના સાધનોની મદદથી સઘન સફાઈ કામગીરી

ગાંધીનગર, તા. ૧૪

સ્વચ્છતા અભિયાનના અસરકારક અમલ માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે આજે ચ-૦ થી શાહપુર ચોકડી સુધીના માર્ગ પર સફાઈ કામગીરી કરવામાં આવી હતી અને ગંદકી ફેલાવનાર ઈસમો પાસેથી ૨૫૦૦ રૂપીયા દંડ વસુલાયો હતો. જ્યારે ગઈકાલે તા. ૧૩ મે ના રોજ પણ ઘ-૭ થી ચ-૭ તથા ચરેડી સ્લમ વિસ્તારમાં સફાઈ કામગીરી હાથ ધરાઈ હતી.

ગ્રીનસીટી ગાંધીનગરને સ્વચ્છ અને સુંદર બનાવવાના ભાગરૂપે મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ ઝુંબેશ અંતર્ગત આજે ચ-૦ થી શાહપુર ચોકડી સુધીના મુખ્ય માર્ગની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન ગંદકી ફેલાવનાર પાંચ ઈસમો સામે કાયદેસરની કાર્યવલાહી કરાઈ હતી. અને રૂ. ૨૫૦૦નો દંડ વસુલાયો હતો. દરમિયાન ગુડાના ચેરમેનશ્રી આશિષ દવે, મ્યુનિસિપલ કમિશનરશ્રી જી.આર. ચૌધરી તથા અન્ય ઉચ્ચ અધિકારીઓએ સફાઈ કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતુ.

ઝોનલ અધિકારીશ્રીઓ, સેનેટરી ઈન્સ્પેક્ટર, સેનેટરી સબ ઈન્સ્પેક્ટર, મુકાદમ, સફાઈ કામદારો વગેરે સ્ટાફની મદદથી સ્વચ્છતા અભિયાનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ટ્રેક્ટર, ટ્રોલી, રોડ સ્વીપર મશીન તથા હેન્ડ સ્વીપર મશીન સહીતનાં સાધનોની મદદથી સફાઈ કામગીરી કરવામાં આવી હતી.



(તસવીર : કશ્યપ નિમાવત)

બદલાતું વાતાવરણ - સતત બીજા દિવસે ગાંધીનગર શહેર-જિલ્લા સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાતાવરણ પલટાતું જોવા મળતું હતું. ચાર ડિગ્રી તાપમાન ગગડતા અને ભેજનું પ્રમાણ વધતા પલટાયેલા વાતાવરણમાં ઉકળાટ વધ્યો હતો. આકાશમાં સતત વાદળોની આવનજાવનથી વરસાદની દહેશત વર્તાતી હતી.

# પાંચ કમોસમી વરસાદને પગલે ખરીફ વાવેતર માટે ખેડૂત ઉત્સાહિત નથી

## ગઈ કાલે જિલ્લામાં ૩ થી ૧૦ મી.મી.ના વરસાદથી ખેડૂત વધુ ચિંતાતુર બન્યો છે

ગાંધીનગર, તા.૧૪

ચોમાસા પૂર્વે જ જિલ્લામાં પાંચ કમોસમી વરસાદ થતાં ખેડૂતોમાં ખરીફ ઋતુના ચોમાસાને લઈ શંકા-કુશંકાઓ ઘર કરી રહી છે અને ધીમી ગતિએ વાવેતર માટે આગળ વધવાના નિર્ણય પર પહોંચ્યા છે.

ઉનાળુ વાવેતરમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને નુકશાન સહન કરવું પડયું છે. ગઈ કાલે જિલ્લાના ચારેય તાલુકામાં ૩ થી ૧૦ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. જે ચોમાસા પૂર્વેનો પાંચમો કમોસમી વરસાદ છે.

ખેડૂતોમાં થતી ચર્ચા મુજબ ધરતીને જે વરાપ મળવો જોઈએ અને ચોમાસાનો ગર્ભ બંધાવો જોઈએ તે આ કમોસમી વરસાદ થતાં થઈ રહ્યું નથી તેથી આ વખતે સમયસર અને સારા ચોમાસાને લઈ ખેડૂતો શંકાઓ વ્યકત કરી રહ્યા છે.

ખેડૂતો ખેતીમાં આ વખતે બહુ વહેલુ વાવેતર કરવાના મૂડમાં પણ નથી. જે રીતે કમોસમી વરસાદ થઈ રહ્યો છે તેને લઈ જિલ્લામાં ખરીફ ઋતુ દરમ્યાન થતા વાવેતર વિસ્તારમાં પણ ઘટાડો થાય તો નવાઈ નહિ.

આ વખતે જિલ્લામાં કપાસનું વાવેતર ઘટે તેવી શકયતાઓ પણ છે. આ ઉપરાંત ખેડૂતો હાલ વાવેતરમાં તેલ જુઓ તેલની ધાર જુઓની નીતિના મૂડમાં જણાય છે. ખેડૂતો જુવારનું વાવેતર વધારે કરે તેમજ શાકભાજી અને બાગાયતી પાકોનું વાવેતર તરફ વળે તેવો મૂડ દેખાઈ રહ્યો છે.

કપાસના ભાવો બાબતે ગત વર્ષે જે નિરાશા સાંપડી છે અને મજૂરીના વધતા જતા દરને લઈ પણ ખેડૂતો કપાસનું વાવેતર ઓછું કરશે તેવું આગેવાનો સાથેની વાતચીતનો સુર હતો.

જિલ્લામાં ખરીફ ઋતુમાં ૧ લાખ ૪૫ હજાર હેકટર વિસ્તાર જેટલું સરેરાશ વાવેતર થતું હોય છે તેમજ ૧૦ હજાર હેકટર જેટલો વિસ્તાર લગભગ પડતર રહેતો હોય છે. આ વખતે પડતર વિસ્તારમાં વધારો થાય તેમ લાગી રહ્યું છે.

વારંવાર બદલાતા હવામાનને લઈ ખેડૂતો સતત ચિંતીત છે તેમજ વાવેતર માટે બહુ ઉત્સાહિત જણાતા નથી.

### સીબીએસઈ ધો.૧૦-૧૨નું પરિણામ આગામી સપ્તાહમાં

અમદાવાદ, તા.૧૪

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા માર્ચ ૨૦૧૫માં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવામાં આળી હતી જેમાંથી ધોરણ ૧૦નું પરિણામ આગામી સપ્તાહ તેમજ ધોરણ ૧૨નું પરિણામ મે મહિનાના અંતિમ સપ્તાહમાં જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ સીબીએસઈ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લીધે બે મહિના જેટલો સમય થયો છે ત્યારે વિદ્યાર્થીઓ આતુરતાપૂર્વક પરિણામની રાહ જોઈ રહ્યા છે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે તંત્ર સજ્જ બને : ચૂંટણી કમિશનર

## સિમાંકનની દરખાસ્તો તેમજ ખાલી જગ્યાઓની દરખાસ્ત આ સપ્તાહના અંત સુધીમાં મોકલી આપવા તાકિદ

ગાંધીનગર, તા.૧૪

રાજયમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ માટે તંત્રને સજ્જ થવા માટે ચૂંટણી કમિશનરશ્રી વરેશ સિંહાએ જણાવ્યું છે.

આ સામાન્ય ચૂંટણીઓને લઈ જિલ્લા કલેક્ટરો સાથે ગઈ કાલે યોજેલ વિડીયો કોન્ફરન્સમાં તેમણે ચૂંટણી સંબંધિત ખાલી જગ્યાઓ અંગેની વિગતો, સીમાંકનોની દરખાસ્તો સહિતની તૈયારીઓ અંગે વિસ્તૃત સમીક્ષા કરી આ સપ્તાહના અંત સુધીમાં તેનો વિગતવાર રીપોર્ટ મોકલી આપવા તાકીદ કરી છે.

ચૂંટણી કમિશનર ડૉ. સિંહાએ મતદાર મંડળોની રચના અંગે કલેકટરોને કડક તાકીદ કરી તેમાં ઝડપથી કામગીરી કરવા જણાવ્યું છે. તેમણે દરખાસ્તો સાથે બેઠકના નકશા સહિતની વિગતો આપવા પણ જણાવ્યું છે.

ડૉ. સિંહાએ જે જગ્યાઓ ચૂંટણીની ખાલી હોય તેની વિગતવાર નોંધ મોકલવા જણાવતાં કહ્યું હતું કે આગામી માસના આરંભે સરકાર સાથે પંચ આ મુદ્દે ચર્ચા કરી શકે એટલું જ નહિ આ જગ્યાઓ ભરવા માટે આગ્રહ કરી શકે.

તેમણે કલેકટરોને ઈ.વી.એમ.ની જરૂરિયાતો અંગે પણ અભ્યાસ કરી કેટલી જરૂરિયાત રહેશે તેની દરખાસ્ત તાત્કાલિક મોકલવા જણાવ્યું છે. જેથી નવા ઈ.વી.એમ. ની ખરીદી કરવાની કામગીરી પણ ઝડપથી થઈ શકે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ અંગે તંત્રને સંપૂર્ણ સજ્જ થવા તાકીદ કરતાં તેમણે જણાવ્યું હતું કે સમય મર્યાદામાં જ ચૂંટણી કામગીરી થવી જોઈએ.

દરમિયાન મળતી વિગતો મુજબ પંચ દ્વારા જુનના ત્રીજા સપ્તાહ સુધીમાં સિમાંકન અંગેના પ્રાથમિક જાહેરનામા પ્રસિધ્ધ થઈ જાય તે રીતે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી સંપન્ન થયા બાદ તુરત જ મતદાર યાદી તૈયાર કરવાની કામગીરી હાથ પર લેવામાં આવશે.




# સતત બીજા દિવસે રાજ્યના કેટલાક વિસ્તારોમાં પવન સાથે વરસાદ

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યમાં આજે બીજા દિવસે પણ હવામાનમાં પલટો આવવા પામ્યો છે. કેટલાક શહેરોમાં પવન સાથે વરસાદ થવા પામ્યો હોવાના અહેવાલો સાંપડ્યા છે.

રાજ્યમાં એક તરફ અંગ દઝાડતી કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે બીજી તરફ છેલ્લા બે દિવસથી રાજ્યના હવામાનમાં પલટો આવતાં કેટલાક વિસ્તારોમાં ભર ઉનાળે પવન સાથે વરસાદ થવા પામ્યો છે.

આજે ત્રીજા દિવસો પણ હવામાન પલટાયું હતું. જેના કારણે સૌરાષ્ટ્રમાં ઉના, બોટાદ, અમરેલી સહીતના વિસ્તારોમાં પવન સાથે વરસાદ થવા પામ્યો હતો. આ ઉપારંત મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં પણ જંબુસર, ભરૂચ, ડાંગ જિલ્લામાં પવન સાથે ભારે વરસાદ નોંધાયાના અહેવાલો સાંપડી રહ્યા છે.

ભર ઉનાળે રાજ્યમાં આવેલા પલટા અને કમોસમી વરસાદ થવાને કારણે ખેડૂતોમાં ચિંતા ઉઠવા પામી છે કે જો આવુ જ વાતાવરણ રહેશે અને ચોમાસુ મોડુ બેસશે તો વાવણી કાર્યમાં મુશ્કેલી ઉભી થશે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હવામાનમાં પલટો આવતાં હજુ આગામી એક બે દિવસ દરમ્યાન કેટલાક વિસ્તારોમાં છુટો છવાયો સામાન્ય વરસાદ નોંધાઈ તેવી શક્યતા છે.

